# અક્ષરધામગમન : વ્રતધારી અનુપમી સંત પૂજ્ય રજનીભાઈ સંઘવી

**અનુપમ** મિશનના વડીલ વ્રતધારી સંત પૂ. રજનીભાઈ સંઘવી અક્ષરધામ સિધાવ્યા... પ્રભુની દિવ્ય નિશ્રામાં બિરાજી ગયા. અક્ષરધામગમન માટે તેઓએ દિવસ પસંદ કર્યો પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ પ.પૂ. પપ્પાજીના સ્વધામગમન દિવસને-એટલે કે ૨૮ મેનો. આ સમાચાર મળતાં જ ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડની ધર્મયાત્રા ટુંકાવી સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદા અને સંતો ભારત પરત પધાર્યા. ૩૦ મે ૨૦૧૮ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં અત્યંત આદરપૂર્વક તેઓની અંત્યેષ્ઠિ સંસ્કારવિધિ સંપન્ન થઈ.



પૂ. રજનીભાઈ એટલે ભક્તિ નિતરતું સ્વરૂપ ! તમામ પરિસ્થિતિમાં પૂ. રજનીભાઈનું મન તો પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બા અને સંતભગવંત સાહેબદાદાની મૂર્તિમાં નિમગ્ન રહેતું. જાન્યુઆરી ૧૯૭૬માં વ્રતધારણ કરીને સંતભગવંત સાહેબદાદાની સેનામાં જોડાયા. પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બા અને સંતભગવંત સાહેબદાદાના આશીર્વાદ અને પ્રેરણાથી પૂ. રજનીભાઈએ સાચા કર્મયોગી બનીને અવિરત સાધના કરી પ્રભુનાં પ્રગટ સ્વરૂપોને અંતરથી રાજી કરી લીધાં. વ્યવસાય વધાર્યો છતાં સદાય નિર્લેપભાવ ધારીને જીવ્યા.

અનુપમ મિશનના ભાઈઓ હોય, ગુણાતીત જ્યોતનાં બહેનો હોય કે અન્ય કોઈપણ સંસ્થા સાથે જોડાયેલ સંતો-ભક્તો હોય, પણ સૌ પ્રત્યે સર્વદેશીયતા રાખીને સૌની ભાવથી સેવા કરી.

પૂ. રજનીભાઈ મહિમાની ખૂબ સરસ વાતો કરતા, તેથી જ્યારે પણ કોઈના ઘરે સભા હોય ત્યારે ઘણા ભક્તો પધારતા. અઠવાડિયામાં ૩-૪ વખત દહેગામ, નરોડા, બાયડ, અમદાવાદમાં ઘરે ઘરે જઈ, રાત્રી ઘરસભા કરી, સત્સંગની જમાવટ કરતા. સત્સંગમાં જન્મેલાં અને ઊછરતાં બાળકો અને યુવાનોને તેઓના બંગલાના કંપાઉન્ડમાં ક્રિકેટ રમાડીને અને સારું સારું જમાડીને ખૂબ હેત કરતા, પરિણામે તે સૌ યુવાનો વિવિધ સત્સંગપ્રવૃત્તિઓમાં અને સેવામાં જોડાતા, એટલું જ નહીં, પણ દીક્ષા ધારણ કરીને ભગવાન ભજવા માટે પણ તૈયાર થતા.

'યોગી ગીતા'માં યોગીબાપાએ તેઓની જીવનભાવના લખતાં કહ્યું છે કે, 'અમને પૂજાવાનો સહેજ પણ અંકુર નથી.' તેવું પૂ. રજનીભાઈના જીવનમાં સહજ હતું. યોગીબાપાએ પ.પૂ. રજનીભાઈને વ્યક્તિગત આજ્ઞા કરી હતી કે, 'નિત્ય પ્રત્યે 'વચનામૃત' વાંચવું', જેનું તેઓએ જીવનભર સારધાર પાલન કર્યું. પ.પૂ. પપ્પાજી, પ.પૂ. બા અને પ.પૂ. સાહેબદાદાએ સમયાંતરે જ્યારે જ્યારે જેટલી માળા ફેરવવાની કે જે કોઈ આજ્ઞા આપી, તે બધી આજ્ઞાઓનું પાલન તેઓએ જીવનના અંત સુધી કર્યું.

ઉપાસનાધામ-અમદાવાદનું નિર્માણ થયા બાદ પ.પૂ. સાહેબદાદાએ તેઓને ઉપાસનાધામની અઠવાડિક સભામાં જવાની આજ્ઞા કરી. ઉપાસનાધામની સભામાં નિયમિતપણે જઈને 'વચનામૃત', 'સ્વામીની વાતો' અને ભજનોનું નિરૂપણ કરી સૌ સ્વરૂપોનો અદ્‌ભુત મહિમા ગાયો.

પૂ. રજનીભાઈ જ્યાં પણ બેઠા હોય અને જેની સાથે ગોષ્ઠિ કરતા હોય પણ ત્યારે હાથમાં માળા તો ચાલુ જ હોય. મોટા સ્વરૂપોની આજ્ઞા પાળવામાં ચાલશે તેવું કદીય નહીં, તેઓએ આજ્ઞાપાલનના ગુણને આત્મસાત્ કર્યો હતો.

શહેરની મધ્યે શાહીબાગમાં વિશાળ બંગલામાં રહેતા હોવા છતાં પણ જાણે કુટિરમાં રહેતા હોય તેવો પોતા માટે વિતરાગ અને સંતો, વ્રતધારી સંત ભાઈઓ કે સંત બહેનો, ભક્તો આવે ત્યારે સંપૂર્ણ રાગ સાથે તેઓ માટે શું ના થાય? તે ભાવના. આવા અનુપમી સંતવર્યનાં જીવન અને માહાત્મ્યને સંતો અને અક્ષરમુક્તોએ 'બ્રહ્મજ્યોતિ'-મોગરી તેમજ 'ઉપાસના ધામ'-અમદાવાદમાં યોજિત ત્રિદિવસીય પારાયણમાં બિરદાવ્યા. પૂ. રજનીભાઈએ સાધનામાર્ગે જે અનુપમ આદર્શ સ્થાપ્યો તેને દૃષ્ટિ સમક્ષ રાખી પ્રેરણાનાં પીયૂષપાન કર્યાં. ◆





પ.પૂ. અક્ષરવિહારીસ્વામીજી, સંતભગવંત સાહેબજી અને ગુણાતીત સમાજની પ્રત્યેક સંસ્થાના પ્રતિનિધિ સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં પૂ. રજનીભાઈની અંત્યેષ્ઠિ સંસ્કારવિધિ



આરતીક્યં સમર્પયામિ...



સાથે જોડ્યા... સાથે રાખ્યા... પરમસ્થાને સાથે લઈ ગયા...

## પૂજ્ય રજનીભાઈને અંજલિભાવ અર્પણ

સ્મૃતિના સથવારે બેઠો'તો, ને આંખ ભીની થઈ,
સ્હેજે યાદ આવ્યું સાંનિધ્ય, ને આંખ ભીની થઈ.

તન-મન અને આત્માની, ચોખ્ખાઈ ચમકતી'તી,
આવી યાદ પ્રામાણિકતા, ને આંખ ભીની થઈ.

વિચાર-વાણી ને વર્તનની, એકતા અખંડ,
શુદ્ધ આચરણ યાદ આવ્યું, ને આંખ ભીની થઈ.

સરળતાભર્યા સ્નેહનું, હૈયે વહેતું ઝરણું,
યાદ આવ્યાં નિઃસ્વાર્થ નેણલાં, ને આંખ ભીની થઈ.

થઈ દાસના દાસ, પગલાં ભર્યાં પરોપકારી,
માહાત્મ્યભરી યાદ આવી વાણી, ને આંખ ભીની થઈ.

પ્રેમે ફેલાવી ગયા ફોરમ, સત્સંગ સમાજમાં,
લીધી અચાનક વિદાય, ને આંખ ભીની થઈ.

કર્તવ્ય પૂરું કરી ગ્યા, ભાવે ભક્તિ કરવાનું,
અર્પણ કરતાં ભાવાંજલિ, ને આંખ ભીની થઈ.

~ સાધુ યશોધર (છગનભાઈ)
'બ્રહ્મજ્યોતિ'-મોગરી, પરિમલ, ૧ જૂન ૨૦૧૮

## ગુણાતીત બાગમાં એક પુષ્પ ખીલ્યું... મહોર્યું...

બ્રહ્મસુગંધ પ્રસરાવી અનેક હૈયાં પુલકિત કર્યાં
આ બ્રહ્માંડે પ્રગટ રહ્યું ને સૌને બ્રહ્માનંદ કરાવતું રહ્યું
સમર્પણ, સાધુતા, નિર્મલ આત્મીયતા સાથે સુહૃદભાવ
પ્રેમલ પરિમલ અને દિવ્ય સંબંધનાં દર્શન કરાવતું રહ્યું
અનેકના હૈયે શાશ્વત સૌરભ બની પ્રસરી ગયું.
પૂ. રજનીભાઈ એવા દિવ્ય સંત...
પૂર્વના ! 'શ્રીજી'નો સંબંધ જન્મતાં જ તાજો થયો
'સ્વામી'નું જ્ઞાન રગેરગ વ્યાપેલું તે છતું થયું
પ્રત્યક્ષ અને પ્રગટ શ્રીજી આ યોગી મનાયા
કાકાજી-પપ્પાજીમાં એ પરમ તત્ત્વનાં દર્શન થયાં
'સોનાબા'ના વાત્સલ્યે તે પ્રેમલ સંબંધ માણતા રહ્યા
'સાહેબજી'નો યોગ થતાં આત્મા મનાયા... હેત થયાં
ગુણાતીતે બ્રહ્મવિદ્યા ભણાવી ને સાહેબજીને સોંપ્યા તે તાજું થયું
જીવન સમર્પિત કરી, સાધુતા હૃદયે સ્થાપવા સંકલ્પ કર્યા
સાધનામાર્ગે નિજ લઘુબંધુને પણ સાથી બનાવ્યા
બંને ભાઈઓ 'રજની-ગૌતમ' સૌના સ્વજન બન્યા.
રજનીભાઈ દેહ રહ્યો ત્યાં સુધી સેવારત રહ્યા
સંતોને રાજી કર્યા ને સંત બહેનોના ભાઈ બન્યા
વ્રતધારી સંત ભાઈઓના સાથી સંગાથી સુહૃદ સ્વજન બન્યા
ગુણાતીત સમાજના સૌ ભક્તોના સુહૃદ ને પરમ વંદનીય સાધુ થયા
સાહેબજીની અનુવૃત્તિ સમજી જીવન જીવ્યા
અમદાવાદ મહાનગરે બ્રહ્મજ્ઞાને સૌને તરબોળ કર્યાં
સૌના વ્હાલા થયા ને પ્રેમે ભીંજવી સૌનો પ્રેમ પામ્યા
આતમે પરમાતમ પ્રગટ્યો ને પરમાતમ વહેંચતા ગયા.

### હે રજનીભાઈ !

આજે પણ આપની સ્મૃતિ તાજી... અકબંધ
સ્મૃતિ કરી અમ હૈયાં આપને વંદે
આપની નિર્મલ સાધુતા નજરે તરવરે
આપના પ્રેમલ સ્પર્શ હૂંફને વારંવાર વંદે !
શાશ્વત હો... આપની ભક્તિ સેવા સમર્પણ મહેંક
અમ હૈયે તે ઊર્જાપ્રેરક બની રહેશે... તે ભાવે
આપને અમ સૌનાં કોટિ કોટિ વંદન !